## <u>વડોદરા ના મહે.૧૪માં એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં</u>

CC.99603_2024

ફરીયાદી:- શ્રી સરકાર

વિ.

આરોપી:-મોહસીખાન આલમશેર પઠાણ
રહે. વડોદરા.

**<u>ગુનો:-ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ-૨૦૧૭ ની કલમ-૬૬ (૧)(બી), ૮૫(૧) મુજબ.</u>**

**<u>-:: ઠરાવ ::-</u>**

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળના પત્ર અન્વયે નામ.જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વડોદરા તરફથી સ્પેશયલ સીટીંગની અમો મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ-૨૦૧૭ ની કલમ:૬૬ (૧)(બી), ૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પોલીસ ધ્વારા આરોપી સામે ચાર્જસીટ રજુ રકવામાં આવેલ છે.

(૩) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને ફોજદારી કાર્યરીતી સંહીતા ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનુ જણાવેલ છે. વધુમાં આરોપી દવારા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, અમો ગરીબ ઘરના ઈસમ છીએ, અને આવો ગુનો તેમનાથી અજાણતા થઈ ગયેલ છે અને તેનો તેમને પારાવાર પસ્તાવો થઈ રહયો છે. ભવિષ્યમાં આવો કોઈ જ કૃત્ય તેઓ કરશે નહી અને ઘરમાં કમાનાર સભ્ય તરીકે તેઓ એકલા જ છે. અમારી આર્થીક પરીસ્થીતી સારી નથી આ સંજોગોમાં દયા ભાવ રાખીલ ઓછામાં ઓછી સજા /દંડ કરવાનો યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૪) ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકીકતો સાથે આરોપીની કબુલાત પુરસીસ દયાને લેતા જયારે આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોય અને તેની ખાતરી કરેલ છે. ત્યારે રેકર્ડ પરની તમામ હકીકતો તથા પરીસ્થીતીને ધ્યાને લેતા તેમજ આ તબકકે નામદાર વડી અદાલતનો **ગુજરાત રાજ્ય વિ. નટવર હર ચંદજી ઠાકોર જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯''**, ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ મા જણાવેલ કારણો ધ્યાને લઈ આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને એક માત્ર કમાનાર વ્યકતી હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ કાયદા ધ્વારા નકી કરવામાં આવેલ કરતા ન્યુનતમ સજા કરતા પણ ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંક ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

૧. આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ- ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ-૨૦૧૭ ની કલમ-૬૬ (૧)(બી), ૮૫(૧) મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આ કામના આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪.૧૨.૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

**(પી.એન. જાડેજા)**
૧૪માં એડી.જયુડી. મેજી. ફ. ક., વડોદરા
જી.જે. ૦૧૭૩૩

તા.૧૪.૧૨.૨૦૨૪
સ્થળ- વડોદરા

પાવતી નં.
દંડ રૂા.
તારીખ: ૧૪.૧૨.૨૦૨૪

ચીફ કોર્ટ, વડોદરા.